RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને પ્રેફેન્સીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીન ઈશ્યું કરવાની સતા આપવા અંગે DGFT ન્યુ દિલ્હી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

ભારત દેશના સર્વાંધીક વિકાસ માટે નિકાસ એ એક મહત્વનું પરીબળ છે. વિશ્વના અનેક દેશોએ ભારત સાથે ટ્રેડ એગ્રીમેન્ટો કરેલ છે અને તેના નિયમો પ્રમાણે નિકાસકારો-આયાતકારો ડયુટીમાં મુકિત જેવા ફાયદાઓ અને લાભ પ્રાપ્ત કરે છે. આવા લાભો પ્રાપ્ત કરવા માટે દરેક નિકાસકારોએ અન્ય દેશોમાં મોકલવાપાત્ર ચીજવસ્તુઓ માટે પ્રેફેન્સીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીન મેળવવું પડે છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી નોન પ્રેફેન્સીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીન ઈશ્યું કરવા માટેની સતા ધરાવે છે અને દર માસે આશરે ૧૫૦૦ થી વધુ નોન પ્રેફેન્સીયલ સર્ટીફીકેટ ઈશ્યું કરે છે. તેમ છતા પ્રેફેન્સીયલ સર્ટીફીકેટ ઈશ્યું કરવાની સતા ન હોવાને કારણે નિકાસકારોને ઘણી મુશ્કેલીઓ પડી રહી છે અને ગર્વમેન્ટે નકિક કરેલ ડિપાર્ટમેન્ટ પાસેથી સર્ટીફીકેટ મેળવવું પડે છે.

આમ નિકાસકારોને પડી રહેલ મુશ્કેલીઓના નિરાકરણ માટે આગામી સમયમાં થનાર ટ્રેડ એગ્રીમેન્ટોમાં રાજકોટ ચેમ્બરનો સમાવેશ કરીને પ્રેફેન્સીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીન ઈશ્યું કરવાની સતા આપવા રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ DGFT ન્યુ દિલ્હી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.